આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમે હારી જાઓ એની મને ચિંતા નથી, પણ હારીને બેસી જાઓ એની મને ચિંતા છે
- અબ્રાહમ લિંકન

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૮ | ૧૮ જુલાઇ, ૨૦૧૩, ગુરૂવાર; અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે મનપાની સામાન્ય સભા ગાજશે

## ભાજપ વિકાસનાં કામો મંજૂરી માટે રજૂ કરશે : કોંગ્રેસ શહેરની સ્વચ્છતાનો મુદ્દો ઉભો કરી આક્રમક વલણ લેશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી બેઠક આક્રમક અને તોફાની બની રહે તેવી સંભાવનાઓના સંકેતો રાજકીય વર્તુળોમાંથી સાંપડ્યા છે. વિપક્ષ કોંગ્રેસ દ્વારા આખરી રણનીતિ તૈયાર કરવા બપોરે ૧ વાગે પક્ષના સભ્યોની ખાસ બેઠક બોલાવવામાં આવી છે.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં આમ તો મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત મળનાર જુદી જુદી ત્રણ હેડ નીચેની ગ્રાન્ટ અંગે તેમાંથી હાથ ધરાનાર વિકાસ કામોને મંજૂરી આપવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ યુડીપી-૭૮ અન્વયે જે ગ્રાન્ટ પેટે રૂ. ૨૨ કરોડ મળ્યા છે તેમાં રંગમંચોના આધુનિકરણ માટે રૂ. ૬ કરોડ, સ્વીમીંગ પુલ, પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં નોલેજ સેન્ટર માટે રૂ. ૯.૫૦ કરોડ આ ઉપરાંત કોમ્યુનીટી હોલ, લાયબ્રેરી સહિતની સુવિધા અને શારીરિક સજ્જતા સહિત રમતગમતની સુવિધા માટે રૂ. ૬ કરોડના કામો સૂચવવામાં આવ્યા છે.

આજ યોજના અંતર્ગત રૂ. ૧૧ કરોડની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી છે. જેમાંથી સે. ૨૪ અને સે. ૬માં રૂ. ૩ કરોડના ખર્ચે શેડવાળા ઓટલા પાર્કિંગની સુવિધા સહિતના બનાવવાનું આયોજન છે. આ ઉપરાંત ત્રણ અર્બન હેલ્થ સેન્ટરો સે. ૨૨, ૨૯ તથા પાલજની લેબોરેટરીના સુદ્રઢીકરણ તેમજ સે. ૨૪માં એક્સ-રે મશીન અને લેબોરેટરીના સુદ્રઢીકરણ માટે ૫૦ લાખ જેટલી રકમ ફાળવવા, સે. ૬માં ઈ. લાયબ્રેરી માટે ૧ કરોડ, સે. ૩ ખાતે ઈ-લાયબ્રેરી અને કોમ્યુનીટી હોલ સહિતના કામ માટે રૂ. ૬ કરોડ સૂચવવામાં આવ્યા છે.

આમ સામાન્ય સભામાં કોર્પોરેશનની રચના કરાયા બાદ પ્રથમવાર વિકાસના કામોની મંજૂરી સામાન્ય સભા આપશે.

જો કે કોંગ્રેસ પક્ષ વતી સ્ટેન્ડીંગ

● અનુસંધાન પાના - ૭ પર

## આજે ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં નરેન્દ્રભાઈ મોદી હાજરી આપશે

ગાંધીનગર, તા. ૧૭

દિલ્હી ખાતે આવતીકાલે મળનારી ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં હાજરી આપવા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હી પહોંચ્યા.

ભાજપ પ્રચાર સમિતિના અધ્યક્ષ બન્યા બાદ ચૂંટણી પ્રચાર સમિતિની રચના કરવા માટેની કવાયત નરેન્દ્ર મોદીએ હાથ ધરી છે. આજે મોદી દિલ્હી પહોંચ્યા છે અને સાંજે ભાજપના વરિષ્ઠ નેતાઓને મળીને ચૂંટણી પ્રચાર સમિતિની રચના અંગે ચર્ચા કરશે.

આવતીકાલે ભાજપ પ્રમુખ રાજનાથસિંહની અધ્યક્ષતામાં ભાજપ સંસદીય બોર્ડની બેઠક મળશે. જેમાં ચૂંટણી પ્રચાર સમિતિની રચના કરવામાં આવશે અને કેટલાક રાષ્ટ્રીય યુવા નેતાઓને આ સમિતિમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આ બેઠકમાં આગામી લોકસભા ચૂંટણી અંગે ચૂંટણી વ્યુહરચના અંગે ચર્ચા વિચારણા કરીને ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આવતીકાલની બેઠકમાં ચૂંટણી પ્રચાર સમિતિની રચનાને આખરી ઓપ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરપુર ખાતે સંઘના વડા મોહન ભાગવત સાથે મુલાકાત કરીને આ બાબતો અંગે ચર્ચાઓ કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ જુલાઈ માસના અંતમાં અથવા આગામી માસના પ્રથમ સપ્તાહમાં ભાજપ નેતાગીરી દ્વારા વડાપ્રધાન પદ માટેના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



આ તસવીર મેઘરાજાની મહેરની સાથે અન્ય ઘણી બાબતો તરફ નિર્દેશ કરે છે. જેમણે આ કામગીરી રૂબરૂ જોઈ છે એમને જાણ છે કે ડાંગરની રોપણીમાં શારીરિક શ્રમ, શિસ્ત, સમૂહ કાર્ય તથા સંપના સંસ્કાર ઉજાગર થાય છે. ટીવી અને કૉમ્પ્યુટર સામે ચિપકી રહેતી અને ઓરડાની ચાર દિવાલોમાં જ દુનિયા શોધતી નવી પેઢીને આવાં દ્રશ્યો બતાવવાની જરૂર છે અને આવાં દ્રશ્યોમાંથી મળતી શીખ આપવાની પણ જરૂર છે. એમ થશે તો સરવાળે એનાથી નવી પેઢીને જ ફાયદો થશે. (તસવીર : દિપક જાની)

## શહેરમાં સફાઈની નબળી કામગીરી સામે મ્યુનિ. કમિશનર લાલઘૂમ !

### તંત્રને આડે હાથ લેતાં કામ નહિ કરનારા અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની ચિમકી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરની સ્વચ્છતાને લઈ મ્યુનિ. કમિશ્નર શ્રી પાડલિયાએ ગઈકાલે તંત્રના અધિકારીઓને આડે હાથ લીધા હતા.

ગઈકાલે કોર્પોરેશનના અધિકારીઓ સાથે યોજેલી એક મેરેથોન સમીક્ષા બેઠક દરમ્યાન કમિશ્નરશ્રી પાડિલાયે સ્વચ્છતાની બાબતમાં દાખવવામાં આવી રહેલી ઉદાસીનતાને લઈ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે કન્ટેઈનરો સમયસર ઉપડતા નથી સાફ થતા નથી તેમજ તેનુ મોનીટરીંગ પણ થતુ નથી એ દુઃખદ છે. તેમણે જણાવ્યું હતું કે આઉટ સોર્સીંગની એજન્સી કામ ના કરતી હોય તો તેની સામે કાનૂની પગલાં ભરો; તેમણે જણાવ્યું હતું કે કચરો જાહેરમાં બાળવામાં આવી રહ્યો છે તે હવે સાંખી લેવાશે નહિ.

માર્ગોની સફાઈની કામગીરી પણ નિયમિત રીતે થતી નથી. જે કંઈ કર્મચારીઓ છે તેની પાસેથી પુરી ક્ષમતાથી કામ લેવાવુ જોઈએ એટલુ જ નહિ ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં કેમ નથી આવતી એ સમજાતુ નથી.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ રખડતા પશુઓ અને કૂતરાઓને પકડવા માટે ટેન્ડરીંગ પ્રક્રિયા કરવા માટે આપેલી સૂચનાઓનું પાલન હજુ સુધી થયુ નથી તે ક્ષમ્ય નથી.

● અનુસંધાન પાના - ૭ પર

## આવાસ નીતિ જાહેર

### માત્ર પાંચ વર્ષમાં ૨૨ લાખ આવાસ બનશે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય : નબળા વર્ગના પરિવારો માટે પોષાય તેવી કિંમતમાં મકાનોની યોજના

ગાંધીનગર, તા.૧૭

જેની ઉત્સુક્તાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ગુજરાત સરકારની આવાસ નીતીની આજે જાહેરાત કરવામાં આવી હતી. આ આવાસ નિતી હેઠળ પાંચ વર્ષના ગાળામાં ૨૨ લાખ મકાનોનું નિર્માણ કરવામાં આવશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં શહેરી વિસ્તારના ગરીબો, નવોદિત મધ્યમવર્ગ અને જરૂરતમંદ શહેરી મધ્યમવર્ગીય પરીવારોને પરવડે તેવા સુવિધાવાળા પાકી આવાસો મેળવવાનું સપનું સાકાર થાય તે માટે મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધી યોજનાના ચાર આવાસ પ્રોજેક્ટ અમલમાં મુકવાનો મહત્વનો નિર્ણય લેવામાં હતો. શહેરી આવાસ યોજનાઓના ચાર મહત્વકાંક્ષી પ્રોજેક્ટોના અમલની ભૂમિકા અંગે પણ માહિતી આપવામાં આવી હતી. મોદીએ લોકોને આપેલા વચનની પ્રથમ વર્ષની અંદાજ પત્રમાં કરવામાં આવેલી જોગવાઈઓની પુરતી કરાશે.

રાજ્ય સરકાર પ્રવક્તા મંત્રીઓ નીતિનભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલે દુરોગામી ઉદ્દેશઓ ધરાવતી શહેરી ક્ષેત્રની મુખ્યમંત્રી આવાસ યોજનાના રાજ્ય મંત્રીમંડળના નિર્ણયની ભૂમિકા આપતા જણાવ્યું કે ડિસેમ્બર-૨૦૧૨માં મુખ્યમંત્રી સતત ચોથીવાર રાજ્યશાસન સંભઆળતાની સાથે શહેરોમાં વસતા ગરીબોની શ્રમયોગી સેવાવસ્તીને ઝુપડપટ્ટીથી મુક્ત કરવા, ઓછી આવકવાળા જુથો અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો અને નવોદિત શહેરી મધ્યમવર્ગ સહિત જરૂરીયાત ધરાવતા શહેરી પરિવારોને પોતાના ઘરનું સપનું સાકાર કરવા શહેરી આવાસ યોજનાઓનું સુઆયોજિત વિસ્તૃત ફલક વિકસાવવાનો સંકલ્પ જનતા સમક્ષ જાહેર કર્યો હતો. શહેરી વિકાસ અને મહેસુલ મંત્રી આનંદીબેન પટેલના માર્ગર્શન હેઠળ શહેરી વિકાસ વિભાગે શહેરી ક્ષેત્ર માટેની મુખ્યમંત્રી આવાસ સમૃદ્ધિ યોજના માટેની ચાર વિવિધલક્ષી યોજનાઓ તૈયાર કરી

● અનુસંધાન પાના - ૭ પર

## રાજ્યમાં ૩૬ કલાકમાં ભારે વરસાદની આગાહી

### વાપી ખાતે ૧૧ ઈંચ વરસાદ નોંધાતા જનજીવન ખોરવાયું ઘણાં વિસ્તારોમાં પાણી ભરાયા : સાવચેતીના બધા પગલા

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં આગામી ૩૬ કલાક દરમિયાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેથી તંત્ર સાવધાન બનેલુંછે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતમાં એથી છ ઈંચ જેટલો વરસાદ થયો છે. વલસાડ જીલ્લાના વાપી પંથકમાં ભારે વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. વાપીના જુદા-જુદા વિસ્તારોમાં એકથી પાંચ ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા છે. વાપીમાં ૨૬૨ મીમી અથવા તો ૧૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુંછે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સારો વરસાદ થયો છે. છ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. જેમાં વલસાડ, નવસારી, ડાંગ, ભરૂચ અને નર્મદાનો સમાવેશ થાય છે. છેલ્લા ૨૪ કલાકના આંકડા પર નજર કરવામાં આવે તો ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, ઝગડીયા અને વાલીયામાં હળવો વરસાદ થયો છે. નર્મદા જીલ્લાના દોડીયાપાડા, તિલકવાડામાં હળવો વરસાદ નોંધાયો છે. જ્યારે નવસારી જીલ્લાના તાલુકાઓમાં ભારે વરસાદ થયો છે. જેમાં ચિખલીમાં ૯૦ મીમી, ગણદેવીમાં ૧૨૮ મીમી, નવસારીમાં ૭૬ મીમી, વાસંદમાં ૬૫ મીમી અને જલાલપુરમાં ૧૨૮ મીમી વરસાદ થયો છે. ડાંગ જીલ્લાના આહવામાં ૫૩ મીમી જેટલો વરસાદ થયો છે. સોનગઢમાં ૮૬ મીમી વરસાદ નોંધાયો છે. સુરત જીલ્લાના બારડોલીમાં ૫૦ મીમી, ચોર્યાસીમાં ૬૬ મીમી, સુરત શહેરમાં ૫૩ મીમી, ઉમરપાડામાં ૬૬ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડ જીલ્લામાં ધરમપુરમાં ૬૦, કપરાડામાં ૧૪૩ મીમી વરસાદ નોંધાયો છે. વાપીમાં સૌથી વધારે ૨૬૨ મીમી વરસાદ નોંધાતા લોકોની હાલત કફોડી બની છે. હવામાન ખાતાનું કહેવું છે કે, આગામી ૩૬ કલાકમાં ભારે વરસાદ થઈ શકે છે. દરમિયાન નેત્રંગ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. નેત્રંગ પંથકમાં મેઘરાજાએ માત્ર પાંચ કલાકમાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ પાડી દેતા ચારેબાજુ પાણ ભરાઈ ગયા હતા. ભરૂચ શહેર અને જીલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ થઈ રહ્યો છે. વાલીયા તાલુકાના નેત્રંગના વિસ્તારોને આજે સવારે ૧૧.૩૦ વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધીમાં પાંચ કલાકથી વધુ વરસાદ નોંધાઈ ગયો હતો.


